
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




આભાર, પણ હવે એ ન પૂછતા કે સિત્તેર વર્ષમાં મેં શું કર્યું ??? કોંગ્રેસપણ કાંઈ નથી કરી શકી તો હું શું કરી શકું....??

# રીક્ષા રેલીંગ સાથે અથડાતા મુસાફરનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા. ૨

રીલાયન્સ ચોકડીથી સરગાસણ તરફના માર્ગ પર રીક્ષા રેલીંગ સાથે અથડાતા મુસાફરને પગે ઈજા પહોંચી હતી. મુસાફરને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા.જયા સારવાર દરમિયાન આજે સવારે મુસાફરનું મૃત્યું નિપજયું હતું. મધ્યપ્રદેશથી ભાણેજના લગ્નમાં આવેલા મામા ઘરે પરત ફરવા માટે રેલ્વે સ્ટેશન જઈ રહ્યા હતા તે સમયે સરગાસણ પાસે અકસ્માત નડ્યો હતો. મૃતકના નાના ભાઈની ફરીયાદ લઈ પોલીસે રીક્ષા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ મુળ મધ્યપ્રદેશ ઉજજૈનના (મકાન નં. ૮૦ અબ્દાલપુરા, જીવાજીગંજ થાણા, ઉજજૈન મધ્યપ્રદેશ) રહેવાસી સુનિલ ઘનશ્યામભાઈ મારોઠીયા (ઉં.વ.૫૦) પોતાના પરિવાર સાથે રહે છે અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ ચાર ભાઈ અને એક બહેન છે , બહેન ગાંધીનગર નજીક કોબા ખાતે સંગાથ બિલ્સ ખાતે રહે છે. ગાંધીનગર ખાતે બહેનના દિકરા વિપુલના લગ્ન પ્રસંગ હોવાથી પરિવાર સાથે મામા ગત તા. ૨૭ ના રોજ ગાંધીનગર ખાતે આવ્યા હતા. તા.૨૮ લગ્ન પ્રસંગ પૂર્ણ કરીને તેઓ પરિવાર સાથે બે-ત્રણ દિવસ ગાંધીનગર ખાતે રોકાયા હતા. જયારે ગતરોજ સાંજના સુમારે સંગાથ બિલ્સ થી ત્રણ રીક્ષા કરી ગાંધીનગર રેલ્વે સ્ટેશન જવા માટે રવાના થયા હતા. તે સમયે સૌથી આગળ જઈ રહેલી રીક્ષાના ચાલકે પોતાની રીક્ષા નં. જી.જે.૧૮.એ.એકસ.-૯૬૧૬ ના ચાલકે ગફલતભરી રીતે હંકારી રીલાયન્સ ચાર રસ્તાથી સરગાસણ તરફ જતા માર્ગ પર રીક્ષા ડીવાઈડર પાસેની રેલીંગ સાથે અથડાવી હતી. જેમાં સુનિલભાઈના નાના ભાઈને પગે સાંથળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેઓને તાત્કાલીક નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. જયા આઈસીયુમાં સારવાર હેઠળ હતા, જયારે આજે વહેલી સવારે તેમનુ સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે રીક્ષા ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે રીક્ષા ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



ચલી ચલી રે પતંગ મેરી ચલી રે... આવા ગીતો ગાવાના દિવસોને હજી ઘણીવાર છે પરંતુ ક્યાંક ક્યાંક પતંગ દેખાઈ જાય છે. બાળકો માટે તો પતંગ ઉડાડવા માટે કોઈ તહેવારની તો ક્યાં જરૂર પડે છે. તેમના માટે તો બારેમાસ ઉત્તરાયણ જ હોય છે. પતંગ ઉડાડવાનો પ્રયત્ન કરતુ આ બાળક બાળપણની પૂરેપુરી મજા માણી રહ્યો છે.




લાયન્સ કલબ દ્વારા આમજા ગામ ખાતે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના ૩૦૦ જેટલા ગ્રામજનોએ આ કેમ્પનો લાભ લીધો હતો.

## સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ખાતે રાજયકક્ષાનો આઈઓટી સેમિનાર યોજાયો

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી હસ્તકની સ્વર્ણિમ ઈન્સ્ટીટયુટ ઓફ ટેક્નોલોજી દ્વારા એક દિવસીય ''ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈ.ઓ.ટી.)'' રાજ્યકક્ષાનો ગુજકોસ્ટ સ્પોન્સર્ડ સેમિનાર યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાયો હતો.

સ્વર્ણિમ યુનિવર્સિટી ના એન્જીન્યરીંગ વિભાગ દ્વારા એન્જીન્યરીંગ અને મૅનેજમેન્ટ શાખાના રિસર્ચ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો માટે તા. ૩૦ નવેમ્બર ૨૦૧૯ના રોજ યુનિવર્સિટી કેમ્પસ ખાતે રાજ્યકક્ષાનો સેમિનાર ગુજકોસ્ટ સ્પોન્સર્ડ ''ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈ.ઓ.ટી.)'' યોજાયો હતો. આ પ્રોગ્રામ ના મુખ્ય અતિથિ તથા વક્તાઓ તરીકે ડો.નરોત્તમ સાહુ, એડવાઈઝર એન્ડ મેમ્બર સેક્રેટરી ગુજકોસ્ટ ઉપસ્થિત રહ્યા હતા તથા અતિથિ વિશેષ તરીકે ડો.મધુકાન્તભાઈ પટેલ (ફાઉન્ડર ઓફ રેવ ઑટોમેશન તથા પૂર્વ સાયન્ટિસ્ટ ઓફ ઈસરો), પ્રોફેસર જીગ્નેશ પટોલીયા (ચારૂસેટ યુનિવર્સિટી) અને દીપભાઈ શાહ (સિનિયર પ્રોજેક્ટ મેનેજર, વૉલાન્સીસ ટેક્નોલોજી) હાજર રહ્યા હતા અને પોતાનો બહોળો ઈન્ડસ્ટ્રીઅલ અનુભવ રજુ કર્યો હતો.

આ સેમિનારમાં સમગ્ર ગુજરાત રાજ્યથી અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સેમિનારને સફળ બનાવવા ડો. ધર્મેશ શાહ, પ્રોફેસર મોનાલી દવે, પ્રોફેસર નરેશ ચૌહાણ, પ્રોફેસર શૈલી પટેલ, પ્રોફેસર અજિત પુજારા તથા સમર્ગ સ્ટાફ મેમ્બર્સ એ જહેમત ઉઠાવી હતી.

## સેકટર-૨૮ લગ્નવાડી ખાતેથી એકટીવાની ઉઠાંતરી

અમદાવાદ અસારવા ખાતે જૂના પ્રભુનગર મકાન નં. ૪૭ ખાતે રહેતા કમલેશ મંગળદાસ સથવારા (ઉં.વ.૪૦)પોતાના પરિવાર સાથે રહે છે અને વંદે માતરમ મેડીકલ સ્ટોર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ પોતાના સંબંધીના ઘરે લગ્ન પ્રસંગે હોવાથી ગાંધીનગર શહેરની સેકટર-૨૮ની લગ્નવાડી ખાતે ગત તા. ૨૦-૧૧-૧૯ ના રોજ તેઓ અમદાવાદથી સાંજના ૬ કલાકે આવી પહોંચ્યા હતા. ત્યારબાદ એકટીવા વાડીની સામેની બાજુએ પાર્ક કર્યું હતું. જયારે લગ્ન સમારોહ પૂર્ણ કરીને રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં તેઓ ઘરે જવા માટે નીકળ્યા હતા. ત્યારે જે સ્થળ પર એકટીવા પાર્ક કર્યું હતુ તે સ્થળ પર એકટીવા નજરે પડ્યું ન હતું. એકટીવા અંગે નજીકના વિસ્તારમાં શોધખોળ આદરી હતી પરંતુ એકટીવા મળી આવ્યું ન હતું. પોતાની રીતે તપાસ કર્યા બાદ આખરે ગાંધીનગર સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.



## બનાસકાંઠા મહિલા ફુટબોલ ટીમ વિજેતા

ખેલ મહાકુંભ અંતર્ગત મહિલા ફુટબોલ સ્પર્ધાનો ગાંધીનગરના ચિલ્ડ્રન યુનિર્વિસીટી ગ્રાઉન્ડ ખાતે આયોજન કરાયું હતું. જેમાં રવિવારે ફાઈનલ મેચ બનાસકાંઠા અને વડોદરાની મહિલા ટીમ વચ્ચે રમાઈ હતી. આ ફાઈનલ મેચની સાથે ટુર્નામેન્ટ ૭-૦ ગોલથી બનાસકાંઠાની ટીમ વિજેતા બની હતી. આ ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે રમતગમત વિભાગના અગ્ર સચિવ સી.વી.સોમ, ચીફ કોચ પરેશભાઈ તથા ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી મહેશ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

## મહિલા કર્મચારીને સાસુ સસરાએ માર મારતા ફરિયાદ

કૌંટુબિક ઝઘડાને પગલે મહિલા પોલીસ કર્મચારીને સાસુ-સસરાએ પોલીસ મથકથી ગણતરીના અંતરે હુમલો કરી ઈજા પહોંચાડી છે. મહિલા પોલીસ કર્મચારીને જાહેરમાં માર મારવાની ઘટના નોંધાતા આશ્ચર્ય ફેલાયું છે. ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે રહેતા આરતીબેન દિલિપભાઈ ઓડ છેલ્લા ચાર માસથી અડાલજ પોલીસ મથકે મહિલા લોક રક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. વર્ષ ૨૦૧૩ માં તેમના લગ્ન આકાશ ગોંવિદભાઈ ઓડ (રહે.શીલજ અમદાવાદ) સાથે થયા હતા. પરંતુ લગ્નના એક વર્ષ જ સાસુ -સસરા સાથે મનમેળ રહ્યો ન હતો. આરતીબેને નોંધાવેલી ફરીયાદ મુજબ પતિ વ્હેમ રાખી રાતના ઢોરમાર મારતો હતો અને સાસુ સસરા પણ ત્રાસ ગુજારતા હતા. પહેલી ડિસેમ્બરના રોજ આરતીબેનને મુખ્યમંત્રીના બંદોબસ્ત તૈનાત કરાયા હતા.સવારે ૯.૩૦ ના અરસામાં તેઓ અડાલજ મહારાજા હોટલ નજીક માર્ગ પર ફરજ પર હાજર હતા.ત્યારે સસરા ગોંવિદભાઈ અને સાસુ કૈલાશબેન આવ્યા હતા. આ બંને જણાએ અપશબ્દો બોલીને આરતી બેનને માર માર્યો હતો. પોલીસને જાહેરમાં માર મારવામાં આવતા નાગરીકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને વધુ મારમાંથી બચાવ્યા હતા.

